હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય,
પરિપત્ર ક્રમાંક – મોની/ટે.૮/બ/ 29 ~/૨૦૧૪-૧૫
અરણ્ય ભવન, સેક્ટર – ૧૦/એ,
ગાંધીનગર, તા. 5/04/૨૦૧૫.

આમુખ:

વન વિભાગની વિવિધ યોજના હેઠળની વન અને વન્ય જીવોનાં સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ સંબંધિત કામગીરીનાં અમલીકરણની જવાબદારીઓ મુખ્યત્વે વિકાસ અને વ્યવસ્થા, વન્ય પ્રાણી તેમજ સામાજિક વનીકરણ યોજનાની શાખાઓ દ્વારા નિભાવવામાં આવે છે અને દરેક શાખાનાં અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી તેમજ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વ.પ્રા.) આ કામગીરીની સમયાંતરે સમીક્ષા કરે છે તેમજ જરૂરિયાતને આધીન સુધારા-વધારા કરે છે. ઉપરાંત તાબાના વર્તુળ હસ્તકનાં વાવેતરો તથા અન્ય કામોની મોનીટરીંગ / ભૌતિક ચકાસણીની કામગીરી સમયસર થાય તે બાબત પણ સંબંધિત શાખાએ જોવાની રહે છે. તદઉપરાંત થયેલ કામગીરીઓની ભૌતિક ચકાસણી માટેનાં તમામ કક્ષાનાં અધિકારીઓ માટેનાં ધોરણો, કાર્યપધ્ધતિ,સમયગાળો, વિગેરે બાબતો સ્થાયી હુકમ નં – ૮ માં નિયત કરવામાં આવેલ છે. પરંતુ જ્યારે વાવેતર કે અન્ય કામગીરીનાં મોનીટરીંગ અને ભૌતિક ચકાસણી બાબતે વાવેતર સહિતની કામગીરીની માહિતીની જરૂરિયાત ઉભી થાય છે ત્યારે આ માહિતી આપવા/મેળવવા માટે, શાખાઓ વચ્ચે પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને આવી અગત્યની મોનીટરીંગ કામગીરીની બાબતમાં વિલંબ થવાથી, મૂળ ઉદ્દેશ્યને વિપરીત અસર પહોંચે છે. આથી પુખ્ત વિચારણાના અંતે, વન વિભાગનાં વિવિધ કામોના મોનીટરીંગ તેમજ ભૌતિક ચકાસણીની કામગીરી સમયસર, અસરકારક, તેમજ વ્યવસ્થિત થાય તે સારૂ, નીચે મુજબની વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરવામાં આવે છે.

પરિપત્ર

(૧) નિયત થયેલ ધોરણો મુજબ, વાવેતરો તથા વાવેતર સિવાયના અન્ય કામોની માહિતી, સંબંધિત વર્તુળએ, વર્તુળમાં કરવામાં આવતા તમામ શાખાઓ ( ક્ષેત્રિય, સા.વ.યો., વન્યપ્રાણી, પી.એમ.યુ., એફ.ડી.એ., બામ્બુ મીશન વિગેરે) સંબંધિત લક્ષાંકોની સ્થળવાર / પ્લોટવાર માહિતી સંકલિત કરીને, તેઓના સંબંધિત શાખાના વડા ( વન્યપ્રાણી, વિકાસ અને વ્યવસ્થા તેમજ સા. વ. યો.) ને સમયસર પુરી પાડવાની રહેશે અને સંબંધિત શાખાના વડાએ ( વન્યપ્રાણી, વિકાસ અને વ્યવસ્થા તેમજ સા. વ. યો.) તાબાના વર્તુળની આવેલ માહિતીનું સંકલન કરીને, મોનીટરીંગ શાખાને તેમજ અન્ય શાખાને સમયસર પુરી પાડવાની રહેશે.

(૨) મોનીટરીંગ શાખાએ રાજ્યકક્ષાની ભૌતિક ચકાસણી તેમજ મોનીટરીંગની કામગીરી માટે આવેલ યાદી પૈકી, રેન્ડમ સેમ્પલ પધ્ધતિથી, સ્થળ પસંદ કરી, સ્થાયી હુકમ નં – ૮ માં નક્કી

(૩) સ્થાયી હુકમ નં – ૮ માં દર્શાવેલ સમયમર્યાદામાં, ભૌતિક ચકાસણીનાં અહેવાલ, સંબંધિત શાખાએ મેળવી, સંકલિત કરીને, માત્ર એકત્રિત અહેવાલ (સાધનિક કાગળો સિવાય) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી તથા હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સને, સમયસર મોકલવાનો રહેશે. તદઉપરાંત પી.એમ.યુ., એસ.એફ.ડી.એ., બામ્બુ મિશન તથા જમીન શાખાનાં લક્ષ્યાંકની કામગીરી જે વિભાગ (સા.વ.વિ., વન્ય પ્રાણી, ક્ષેત્રીય) દ્વારા થયેલ હોય તે શાખાએ, ભૌતિક ચકાસણીનાં અહેવાલો મેળવી, સંકલિત કરીને સંકલિત અહેવાલ સમયસર મોનીટરીંગ શાખાને પૂરો પાડવાનો રહેશે તેમજ તમામ સાધનિક કાગળો સંબંધિત શાખાએ નિભાવવાના રહેશે.

(૪) રાજ્યકક્ષાએથી કરવાની થતી ભૌતિક ચકાસણી/મોનીટરીંગની સમયસર કામગીરી મોનીટરીંગ શાખાએ કરાવવાની રહેશે.

(૫) મોનીટરીંગ શાખાએ મ.વ.સં.શ્રી, ના.વ.સં.શ્રી, વન સંરક્ષકશ્રી, મુ.વ.સં.શ્રી દ્વારા થયેલ ભૌતિક ચકાસણી તથા મોનીટરીંગનાં અહેવાલોનું સ્થાયી હુકમ નં – ૮ મુજબ મુલ્યાંકન/સમીક્ષા કરીને, તેમનાં અવલોકનો તેમજ સૂચનો સંબંધિત શાખાના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી/ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીને મોકલવાનાં રહેશે તથા સંબંધિત શાખા દ્વારા આ બાબતે આખરી નિર્ણય લઇ/લેવડાવી મોનીટરીંગ શાખાને જાણ કરવાની રહેશે.

(૬) વાવેતરો સહિતની જુદી જુદી કામગીરીઓ માટે મોનીટરીંગ શાખાને ભૌતિક ચકાસણી/મોનીટરીંગની કામગીરી માટે માહિતી મોકલવાનો સમયગાળો નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| (ક) ચાલુ વર્ષનાં વાવેતરોની યાદી | - ૩૦ સપ્ટેમ્બર સુધી |
| (ખ) ૭૦% કામો અન્વયે ઉછેરેલ નર્સરીઓની યાદી | - ૧૫ ઓક્ટોબર સુધી |
| (ગ) એડવાન્સ વર્કની કામગીરીની સ્થળવાર યાદી | - ૧૫ એપ્રિલ સુધી |
| (ઘ) વાવેતરો સિવાયનાં કામોની સ્થળવાર યાદી | - ૩૦ મે સુધી |

ઉપરોક્ત સૂચનાંનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(ડૉ. સી.એન.પાન્ડે)
અગ્ર મુખ્ય વન સંરક્ષક
અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્ય પ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ
(વિ. અને વ્ય., સા.વ.યો., મોનીટરીંગ, એસ.એફ-૨, તાલીમ અને સંશોધન, પી.એમ.યુ., જમીન શાખા)

(૩) મુખ્ય વન સંરક્ષકશ્રીઓ (તમામ)

(૪) વન સંરક્ષકશ્રીઓ (તમામ)